# 'જીતકલ્પસૂત્ર'*

**હસ્તલિખિત પ્રતિ**—પ્રસ્તુત ગ્રન્થના સંશોધન માટે પૂજ્યપાદ પ્રવર્ત્તક શ્રી ૧૦૦૮ શ્રી કાન્તિવિજયજી મહારાજના વડોદરાના હસ્તલિખિત જૈન જ્ઞાનભંડારની નવી લખાયેલ માત્ર એક જ પ્રતિનો આધાર લેવામાં આવ્યો છે. આ પ્રતિને, લીંબડીના જૈન જ્ઞાનભંડારની કોઈ વિદ્વાને સુધારેલ પ્રાચીન પ્રતિના આધારે મેં સુધારી હતી. આ ઉપરાંત, પ્રસ્તુત ગ્રંથને સુધારવા માટે આવશ્યકનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, વ્યવહારભાષ્ય, બૃહત્કલ્પભાષ્ય, પંચકલ્પભાષ્ય વગેરે ગ્રંથોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે, અને જેમ બને તેમ પ્રસ્તુત ગ્રંથને શુદ્ધ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત ગ્રંથની હસ્તલિખિત પ્રતિમાં અમે બે ખાસ વિશેષતાઓ જોઈ છે: એક પરસવર્ણવિષયક; અર્થાત્ अब्भङ्गिय देन्तो होन्ति अणहियासेन्तेहिं આ પ્રમાણે ઘણે ઠેકાણે પ્રાચીન સમયથી કરેલા પરસવર્ણો છે. અને બીજી વિશેષતા—જ્યાં જ્યાં પ્રસ્તુત ગ્રંથની જે જે સૂત્રગાથાનું ભાષ્ય સમાપ્ત થાય છે ત્યાં તે તે ગાથાના અંકને તાડપત્રીય પ્રતોમાં આવતા પત્રાંકદર્શક અક્ષરાંકો દ્વારા દર્શાવવામાં આવ્યો છે. ઉપરોક્ત પરસવર્ણ અને ગાથાદર્શક અક્ષરાંકો આખા ગ્રંથમાં કરવામાં આવ્યા હશે, પરંતુ લેખકાદિની અજ્ઞાનતાને લીધે કેટલેક ઠેકાણે આ વસ્તુ કાયમ રહી છે અને કેટલેક ઠેકાણે એમાં પરિવર્તન પણ થયું છે. અમે, આ બંનેય વસ્તુઓ અમારા પાસેની પ્રતિમાં જે પ્રમાણે મળી છે તે રીતે કાયમ જ રાખી છે. આથી અમે એટલું જ જણાવવા ઇચ્છીએ છીએ કે, આ ગ્રંથમાં પરસવર્ણ વગેરે જે છે તે અમે હસ્તલિખિત પ્રતિને આધારે જ કરેલા છે.

**જીતકલ્પભાષ્ય**—પ્રસ્તુત ભાષ્યગ્રંથ એ કલ્પભાષ્ય, વ્યવહારભાષ્ય, પંચકલ્પભાષ્ય, પિંડનિર્યુક્તિ વગેરે ગ્રંથોની ગાથાના સંગ્રહરૂપ ગ્રંથ છે, કારણ કે ગ્રંથમાં એવી ઢગલાબંધ ગાથાઓ છે, જેને ઉપરોક્ત ગ્રંથોમાંની ગાથાઓ સાથે અક્ષરશઃ સરખાવી શકાય.

**ગ્રંથકાર**—આ પુસ્તકમાં જીતકલ્પસૂત્ર અને તેના ભાષ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. જીતકલ્પસૂત્રના પ્રણેતા ભગવાન જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે એ નિર્વિવાદ હકીકત છે. આ સંબંધમાં તેમ જ ભગવાન જિનભદ્રગણિના સમયનિર્ણય વિષે વિદ્વદ્વર્ય શ્રીમાન જિનવિજયજીએ પોતે સંપાદન

* શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત 'જીતકલ્પસૂત્ર'ના સંપાદનની (પ્રકાશક—શ્રી બબલચંદ કેશવલાલ મોદી, અમદાવાદ, સં. ૧૯૯૪) પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલ ચૂર્ણિ સહિત જીતકલ્પસૂત્રની પ્રસ્તાવનામાં સવિસ્તર આલોચના કરી છે. એટલે આ વિષયના જિજ્ઞાસુઓને તે પ્રસ્તાવના જોવા ભલામણ છે. અહીં મારે માત્ર એટલું જ કહેવાનું છે કે જીતકલ્પ-ભાષ્યના કર્તા કોણ છે? પ્રસ્તુત ભાષ્યમાં કોઈ પણ ઠેકાણે ભાષ્યકારે પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી; નથી ચૂર્ણિકારે પ્રસ્તુત ભાષ્યનો પોતાના ગ્રંથમાં ક્યાંય ઉલ્લેખ કર્યો, તેમ તેવો બીજો કોઈ એવો સ્પષ્ટ ઉલ્લેખ પણ મળતો નથી, જેના આધારે ભાષ્યકારના નામનો ચોક્કસ નિર્ણય કરી શકાય. તેમ છતાં પ્રસ્તુત જીતકલ્પભાષ્યના—

तिसमयहारादीणं, गाहाणऽट्ठण्ह वी सरूवं तु ।
वित्थरयो वण्णेज्जा, जह हेट्ठाऽऽवस्सए भणियं ॥ ६१ ॥

આ ગાથામાંના "जह हेट्ठाऽऽवस्सए भणियं" એ પાઠ તરફ ધ્યાન આપતાં આપણને સહેજે એમ થાય છે કે, અહીં "जह आवस्सए भणियं" એટલો જ પાઠ બસ છતાં ભાષ્યકારે વધારાનો "हेट्ठा" શબ્દ શા માટે મૂક્યો? "हेट्ठा" શબ્દ એ કોઈ પાદપૂરણાર્થક શબ્દ નથી કે આપણે તેમ માનીને ચલાવી લઈએ. ખરું જોતાં ગ્રંથકારો "हेट्ठा" અને "उवरिं" એ બે શબ્દોને અનુક્રમે "पूर्व" અને "अग्रे" અર્થમાં જ વાપરે છે. દા.ત., "हेट्ठा भणियं" અર્થાત્ पूर्वं भणितम्; "उवरिं वोच्छं" અર્થાત્ अग्रे वक्ष्ये, આ ઉપરથી એ ફલિત થાય છે કે, "પ્રસ્તુત जीतकल्प" ગ્રંથના ભાષ્યકારે "तिसमयहार" અર્થાત્ "जावइया तिसमया—" (આવ. નિર્યુક્તિ ગાથા ૩૦) ઇત્યાદિ આઠ ગાથાઓનું સ્વરૂપ પૂર્વે આવશ્યકમાં વિસ્તારથી વર્ણવ્યું છે." આવશ્યક નિર્યુક્ત્યન્તર્ગત "जावइया तिसमया." આદિ ગાથાઓનું ભાષ્યગ્રંથ દ્વારા વિસ્તૃત વ્યાખ્યાન કરનાર ભગવાન જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ સિવાય બીજું કોઈ જ નથી. એટલે મારી એ દૃઢ માન્યતા છે કે, પ્રસ્તુત જીતકલ્પભાષ્યના પ્રણેતા ભગવાન શ્રી જિનભદ્રગણિ ક્ષમાક્ષમણ છે.

ભાષ્યકાર તરીકે બે આચાર્યો જાણીતા છે: એક ભગવાન શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ અને બીજા પૂજ્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ. કલ્પબૃહદ્ભાષ્ય વગેરેના પ્રણેતા કોણ છે? એ નિર્ણીત નથી. પણ એ આ બે કરતાં કોઈ ત્રીજા જ આચાર્ય છે એમ અમે માનીએ છીએ. અસ્તુ, એ ગમે તે હો, તોપણ પૂજ્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની મહાભાષ્યકાર તરીકેની ખ્યાતિ હોઈ પ્રસ્તુત ભાષ્યમાં તેમના પૂર્વે થઈ ગયેલ ભગવાન શ્રી સંઘદાસગણિકૃત ભાષ્યગ્રંથાદિની ગાથાઓ હોવામાં કોઈ પણ પ્રકારનો વિરોધ નથી.

**વિષય**—પ્રસ્તુત ગ્રંથમાં જૈન નિર્ગ્રંથનિર્ગ્રંથીઓના જુદા જુદા અપરાધસ્થાનવિષયક પ્રાયશ્ચિત્તોનું જીતવ્યવહારને આશ્રી નિરૂપણ કરવામાં આવ્યું છે, જે વિષયાનુક્રમણિકા જોવાથી સ્પષ્ટ રીતે જાણી શકાશે.

અંતમાં હું એટલું જ ઇચ્છું છું કે, પ્રસ્તુત ગ્રંથના સંશોધનમાં સાવધાની રાખવા છતાં સ્ખલનાઓ રહેવા પામી હોય તેને વિદ્વાનો ક્ષમાપૂર્વક સુધારીને વાંચે.

[ 'જીતકલ્પસૂત્ર,' પ્રસ્તાવના, સં. ૧૯૯૪ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org